**શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ(વાલીઆ) ખાતે "માનવ વિકાસ" વિષય પર વ્યાખ્યાનનું આયોજન:**

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ(વાલીઆ) ખાતે તા:07/2/2022, સોમવારના રોજ ઈન્ચાર્જ આચાર્ય પ્રા.ડૉ.શર્મીલાબેન પટેલના માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્ર વિભાગ અને IQAC સેલ દ્વારા "કોલેજ વિસ્તરણ વ્યાખ્યાન" શ્રેણી અંતર્ગત "માનવ વિકાસ" વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં ગવર્નમેન્ટ આર્ટ્સ કોલેજ(ડેડિયાપાડા)ના અર્થશાસ્ત્ર વિભાગના પ્રા.ડૉ.ભાવેશકુમાર આર. પરમાર સાહેબ દ્વારા "માનવ વિકાસ" વિષય પર માનવ વિકાસનો ખ્યાલ, માનવ વિકાસ ખ્યાલનું મહત્વ, વિશ્વના દેશોમાં માનવ વિકાસની પરિસ્થિતિ, ભારત અને પાડોશી દેશોમાં માનવ વિકાસની પરિસ્થિતિ- વગેરે મુદ્દાઓ પર ખૂબ જ સરસ રીતે, તાજેતરની માહિતી આધારિત વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં કોલેજના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના 53 જેટલા વિદ્યાર્થીઓએ વિષય સંબંધિત નવું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ઈન્ચાર્જ આચાર્ય પ્રા.ડૉ.શર્મીલાબેન પટેલ અને સ્ટાફગણની મદદથી અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા.ડૉ.દિલાવરખાન  પઠાણ અને પ્રા.કાજલ કે. વસાવા દ્વારા આ વ્યાખ્યાન કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું.

7:29 AM

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ, વાલીઆ. જિ-ભરૂચ.

અર્થશાસ્ત્ર વિભાગ અને IQAC CELL દ્વારા આયોજિત

"કોલેજ વિસ્તરણ વ્યાખ્યાન"

વકતા શ્રી પ્રા.ડો.ભાવેશકુમાર આર. પરમાર

વિષય: માનવ વિકાસ

અર્થશાસ્ત્ર વિભાગ: અધ્યક્ષ, પ્રા.ડો.દિલાવરખાન એન. પઠાણ.

ફેકલ્ટી: પ્રા.કાજલબેન કે. વસાવા

## કાર્યક્રમની રૂપરેખા

| | | |
|---|---|---|
| કાર્યક્રમનો પ્રારંભ | - | પ્રા.ડો.દિલાવરખાન એન. પઠાણ(અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ) |
| પ્રાર્થના | - | વિદ્યાર્થીઓ |
| પ્રાસંગિક ઉદ્દ્બોધન | - | પ્રા.ડો.શર્મિલાબેન એસ. પટેલ (ઇન્ચાર્જ આચાર્ય) |
| સ્વાગત પ્રવચન | - | પ્રા. ડો.દિલાવરખાન એન. પઠાણ(અર્થશાસ્ત્ર વિભાગ અધ્યક્ષ) |
| વક્તાશ્રીનો વ્યાખ્યાન | - | પ્રા.ડો.ભાવેશકુમાર આર. પરમાર |
| આભારવિધિ | - | પ્રા.કાજલબેન કે. વસાવા (ફેકલ્ટી, અર્થશાસ્ત્ર વિભાગ) |

॥ संस्कृता स्त्री शिवा शक्तिः ॥

श्री रंग नवचेतन ऐड्युकेशन सोसायटी द्वारेण संचालितः
श्री रंग नवचेतन महिला आर्ट्स कोलेज, वालिया. संस्कृत विभाग द्वारेण आयोजित

# વિદ્યા વિસ્તરણ વ્યાખ્યાનમાળા

## અંતર્ગત – व्याख्यानः

विषयः - पुराणाः मत्स्य पुराणः च

व्याख्याता - डॉ. महेन्द्र एच. त्रिवेदी

( M.A, B.Ed. PhD.) प्राध्यापकः - जे. बी. धारूकावाला आर्ट्स कॉलेज, सुरत.)

दिनाङ्कः - 28/01/2022 (शुक्रवासरः)

समयः - 10:30 to 12:00



**डॉ.अलका एन. चौहान**

संस्कृत विभागीय अध्यक्षा
श्री रंग नवचेतन महिला आर्ट्स कॉलेज, वालिया.



**डॉ. महेन्द्र एच. त्रिवेदी**

( M.A. B.Ed. PhD.) प्राध्यापकः - जे. बी.धारूकावाला आर्ट्स कॉलेज, सुरत.

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ , વાલિયા માં આજે તારીખ 28-1-2022 ના રોજ સંસ્કૃત વિભાગ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. માંથી પસંદગી પામેલા વ્યાખ્યાતા  ડૉ. મહેન્દ્ર એચ ત્રિવેદી. એ पुराणा: मत्स्यपुराण च॥ વિષય પર જ્ઞાનસભર  વ્યાખ્યાન આપ્યુ હતું. જેમાં M. A. અનેB.A.સંસ્કૃત વિષયની વિદ્યાર્થિનીઓ એ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ નું સંચાલન સંસ્કૃત વિભાગ ના અધ્યક્ષ ડૉ. અલકાબેન ચૌહાણ કર્યુ હતું. આ વ્યાખ્યાન ના આયોજન  માં કોલેજ ના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. શર્મિલાબેન પટેલ નો સાથસહકાર રહ્યો હતો. કાર્યક્રમ ના અંતે આભારવિધિ  ડૉ. દિનેશ સિંહ રાજે કરી હતી . ૐ પૂર્ણ મદઃ પૂર્ણ મિદમ ।  ઈશાવાસ્ય ઉપનિષદના શાંતિ મંત્ર ગાઈ ને કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

12:20 PM

Re-Accredited by NAAC with 'A' Grade
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna Magdalla Road, SURAT - 395 007, Gujarat, India
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146 Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in Website : www.vnsgu.ac.in

ક્રમાંક:યુ.ક. અને શા.શિ./૧૫૧૦૫/૨૦૨૧ – ૨૨
તા. ૦૧/૧૦/૨૦૨૧

## પરિપત્ર

પ્રતિ,
સંલગ્ન કોલેજોના આચાર્યો.........

**વિષય—આંતર કોલેજ વિસ્તરણ વ્યાખ્યાનો........**

શ્રીમાન/શ્રીમતી,

યુનિવર્સિટીના બોર્ડ ઓફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ દ્વારા કોલેજનાં વિદ્યાર્થીઓ માટે આંતર કોલેજ વિસ્તરણ વ્યાખ્યાનોની યોજના હેઠળ આપની કોલેજમાં સત્ર દીઠ એક પ્રમાણે વર્ષ દરમ્યાન બે પ્રવચનો યોજવાના રહે છે, તે માટે આપણી યુનિવર્સિટીની ( આપની કોલેજ સિવાયની ) સંલગ્ન કોલેજો /યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગનાં શિક્ષકોને પ્રવચન માટે આમંત્રણ આપવાનાં રહેશે.

આપ આપની કોલેજમાં વર્ષ દરમ્યાન જે શિક્ષકોના પ્રવચનો યોજવા ઈચ્છતા હોય તેમના નામો પસંદગીના ક્રમે તથા તેમના પ્રવચનોનાં વિષયોની માહિતી સહિત તા. ૩૦મી ઓકટોબર, ૨૦૨૧ સુધીમાં યુનિવર્સિટીને મોકલી આપો એવી આપને વિનંતી છે.<u>યુનિવર્સિટી તરફથી જરૂરી મંજૂરી મળ્યા બાદ જ પ્રવચન યોજવાના રહેશે.</u> વ્યાખ્યાન કર્તા અધ્યાપકોનાં બેથી વધુ નામો મોકલવા જેથી એકના એક નામો આવે ત્યારે પસંદગીને અવકાશ રહે.

વ્યાખ્યાન આપનારને યુનિવર્સિટીના નિયમ મુજબ પ્રવાસ ભથ્થું તથા દૈનિક ભથ્થું આપવામાં આવશે. " <u>માનદવેતન ચૂકવવામાં આવતું નથી</u> " વિદ્યાર્થીઓનાં હિતમાં આપની કોલેજ આ યોજનાનો લાભ લે એવી અપેક્ષા છે.

Patel 5/10/21
Incharge Principal
Shree Rang Navchetan
Mahila Arts College, Valia,
Dist. Bharuch-393 135

લિ. ભવદીય,

નિયામક
શા.શિ. અને યુવક કલ્યાણ વિભાગ

નકલ રવાના પ્રતિ,
મુખ્ય હિસાબી અધિકારી,
હિસાબી વિભાગની જાણ તથા યોગ્ય ઘટતું થવા માટે.......

File Youth Welfare & Phy. Edu./PARIPTRA